

# આજે નરેન્દ્ર મોદીનો રાજ્યાભિષેક

**પાકના વડાપ્રધાન સહિત સાર્ક દેશોના ટોચના પ્રતિનિધી હાજર રહેશે : અભૂતપૂર્વ અને ઐતિહાસિક કાર્યક્રમમાં સોનિયા અને રાહુલ પણ ઉપસ્થિત રહેશે : સાંજે છ વાગ્યે શપથવિધી : સમગ્ર દુનિયાના લોકોની નજર કેન્દ્રિત**

નવીદિલ્હી, તા. ૨૫

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પોતાની પાર્ટી ભાજપને ઐતિહાસિક જીત અપાવીને નવા રેકોર્ડ સર્જયા બાદ આવતીકાલે સોમવારે નરેન્દ્ર મોદી અભૂતપૂર્વ સુરક્ષા અને પાકિસ્તાન સહિત વિશ્વના અનેક દેશોના વડાઓની ઉપસ્થિતમાં ભારતના નવા વડાપ્રધાન તરીકે શપથ લેશે. નરેન્દ્ર મોદીની હાઈ પ્રોફાઈળ શપથવિધીને યાદગાર બનાવવા માટે છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. આ તૈયારી હવે પૂર્ણ થઈ ચુકી છે. દેશના કરોડો લોકોમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર મોદી હવે આવતીકાલે દેશના વડાપ્રધાન બની જશે. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી મોદીને મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. આવતીકાલે સાંજે છ વાગે શપથવિધિ યોજવામાં આવશે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે મોદીની પ્રચંડ લહેર વચ્ચે

● અનુસંધાન પાન-૫ પર



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

દુલારા દાંપત્ય માટે
અનેકવાર પ્રેમમાં પડવું
જરૂરી છે હંમેશા એની એ જ
વ્યક્તિ સાથે
- મહેન્દ્ર મેઘાણી

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૫ | ૨૬ મે, ૨૦૧૪, સોમવાર; વૈશાખ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**આજે નરેન્દ્ર મોદી ૭-આરસીઆરમાં રહેવા જશે**

પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે શપથવિધિ



બાદ પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાન ૭-આર.સી.આર.માં રહેવા જશે. મોડીરાત્રે તેઓ શીફ્ટ થવાના અહેવાલો બિનસત્તાવાર રીતે ચર્ચામાં છે. શપથવિધિ સમારોહને પગલે સમગ્ર દેશમાં ભારે રાજકીય ઉત્તેજના પ્રવર્તે છે.

**● મોદી અટલજીને ભારતરત્ન આપશે**

વડાપ્રધાન પદના શપથ લેવા જઈ રહેલા નરેન્દ્ર મોદી પ્રારંભમાં જ મોટા નિર્ણયો લેવાના



છે. તેમાં પૂર્વ વડાપ્રધાન અટલબિહારી બાજપાઈને ભારતરત્ન આપવાનો નિર્ણય પણ સામેલ છે. મોદીએ પ્રચાર દરમ્યાન અટલબિહારી બાજપાઈને ઘણીવાર યાદ કર્યા હતા. ભારત રત્ન માટે જે અન્ય નામોની ચર્ચા છે તેમાં પંડિત દિન દયાલ ઉપાધ્યાય અને પંડિત મદન મોહન માલવિયા પણ છે.

**● કેશુભાઈ પટેલને રાજ્યપાલ બનાવશે**

કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના



નેતૃત્વમાં ભાજપની સરકાર આવી રહી હોવાથી કોંગ્રેસના વખતમાં નિયુક્ત થયેલા કેટલાક રાજ્યપાલોની વિદાય નિશ્ચિત મનાય છે. તેમના સ્થાને ભાજપના પીઢ આગેવાનોને રાજ્યપાલ બનાવાશે. એક અટકળ મુજબ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને ગુજરાતના રાજ્યપાલ બનાવવાની સંભાવના છે.

**● સોમવારે દિલ્હીની સરકારી કચેરીઓ ૧ વાગ્યા બાદ બંધ રહેશે**

નરેન્દ્ર મોદી ૨૬મી મે ના



દિવસે દેશના વડાપ્રધાન તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. આ શપથવિધિમાં વિશ્વના કેટલાક દેશોના વડાઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. જેના કારણે સમગ્ર દિલ્હીને લશ્કરી છાવણીમાં ફેરવી દેવામાં આવશે. આ દિવસે પ્રજાસત્તાક પરેડ જેટલી સુરક્ષા રહેશે. દિલ્હીની સરકારી કચેરીઓ પણ પબોરે ૧ વાગ્યા પછી બંધ રહેશે.

# ગાંધીનગરમાં અસહ્ય ઉકળાટ

**ગરમીનો પારો દોઢ ડીગ્રી નીચે ઉતર્યો : મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી નોંધાયું : વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૩ થી ૩૦ ટકા રહેતા નગરજનોએ અસહ્ય બફારો અનુભવ્યો**

ગાંધીનગર, તા.૨૫

છેલ્લા એક અઠવાડિયાથી ગરમીએ આક્રમક સ્વરૂપ ધારણ કરતા જનજીવન ગરમીથી ત્રાહિમામ પોકારી ગયું છે. આકાશમાંથી વરસતી અગનજવાળના લીધે અંગ દઝાડતી ગરમીએ સૌને ઘરમાં પુરાઈ રહેવા મજબુર કર્યા છે. ગઈ કાલે ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર થઈ ગયા બાદ આજે પણ નગરજનોએ અસહ્ય ગરમીનો અહેસાસ કર્યો હતો. મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી નીચું આવ્યું હતું પરંતુ અચાનક વાતાવરણમાં ભેજનું -માણ વધતા શહેરીજનોએ બફારામાં ભીજાવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડિયાથી આક્રમક બનેલી ગરમીના લીધે જનજીવન અત્યંત -ભાવિત થયું છે. સુરજ માથે ચઢતા જ ગરમીના ઉગ્ર સ્વરૂપના લીધે નાગરિકો માટે દિવસ જાણે દોજક બની રહ્યો છે. છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો સતત ઉંચે આવતા દિન-તિદિન વધતી ગરમીએ સૌને ત્રાહિમામ કરી દીધા છે. બપોરના આકરા તાપમાં નાગરિકો ઘરની બહાર નીકળવાનું ટાળે છે. જેના પરિણામે શહેરના માર્ગો અને શોપિંગ વિસ્તારમાં અનોખો સન્નાટો

● અનુસંધાન પાન-૫ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

## વાતાવરણમાં પલ્ટો : મોડી સાંજે વરસાદના છાંટણા

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં આજે દિવસની આકરી ગરમી અને બફારા બાદ મોડી સાંજે વાતાવરણમાં નાટ્યાત્મક પલટો જોવા મળ્યો હતો. મોડી સાંજે અચાનક જ આકાશમાં વાદળોનો ઘેરાવો થતાં વરસાદના છાંટણા પડ્યા હતા અને ભીની માટીની મહેંક પ્રસરી જવા પામી હતી. અમદાવાદમાં પણ વાદળ ગર્જના સાથે વરસાદના છાંટણા પડ્યા હતા. દિવસના અસહ્ય બફારા બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતા નગરજનોએ ગરમીમાં હાસકારો અનુભવ્યો હતો.

# જુના સચિવાલયના માર્ગો પહોળા થશે

**ટ્રાફિક સિસ્ટમ વન-વે થશે : નવા પાર્કિંગ પ્લેસ ઉભા કરાશે : ૧૦ મીટર સુધી રોડ વાઈડનીંગ થશે : આ પ્રોજેક્ટ અન્વયે ડિઝાઈન-નકશા તૈયાર થઈ રહ્યા છે**

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર રાજયનો વહીવટી દોરીસંચાર જયાંથી થઈ રહ્યો છે તેવા જુના સચિવાલય સંકુલમાં રોડ વાઈડનીગ ઉપરાંત પાર્કિંગ પ્લેસ ઉભા કરવાની યોજના સંદર્ભે ટૂંકમાં કામ હાથ ધરાશે. સચિવાલય સંકુલમાં સ્થિત રસ્તાઓને ૧૦ મીટર સુધી પહોળા કરવામાં આવશે. આ ઉપરાંત પાર્કિંગના પેચીદા પ્રશ્નને નિવારવા નવા પાર્કિંગ પ્લેસ બનાવવામાં આવશે. જેના અંતે સચિવાલય સંકુલમાં નજીકના દિવસોમાં વાહન વ્યવહારની અવર-જવર પણ વન-વે સિસ્ટમ મુજબ કરી દેવામાં આવશે.

શહેરમાં નવા અને જુના સચિવાલયમાં તમામ સરકારી કચેરીઓ ધમધમતી હોવાથી સમગ્ર રાજયની વહીવટી ગતિવિધિઓના લીધે દિવસ દરમિયાન અહી સતત કર્મચારીઓ અને મુલાકાતીઓનો ધમધમાટ જોવા મળે છે. જુના સચિવાલયમાં પણ વિવિધ બ્લોકમાં સંખ્યાબંધ કચેરીઓ કાર્યરત છે. થોડા સમય અગાઉ જુના સચિવાલય સંકુલમાં નવા બે બ્લોકનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. સચિવાલય સંકુલની આ કચેરીઓમાં રોજ-બરોજ હજારો કર્મચારીઓ ઉપરાંત મુલાકાતીઓની વિશેષ અવર-જવર રહે છે. આવા સંજોગોમાં સંકુલના રોડ નેટવર્ક અને પાર્કિંગ વ્યવસ્થાને અપગ્રેડ કરવાનું અનિવાર્ય બન્યું છે. હાલ વિવિધ બ્લોક પાસે ઉપલબ્ધ પાર્કિંગ વ્યવસ્થા પર્યાપ્ત ન હોવાથી પાર્કિંગની સમસ્યા જટિલ બની છે. જયારે સંકુલના આંતરિક રસ્તાઓ પણ ટ્રાફિકના -માણમાં સાંકડા હોવાનું સ્પષ્ટ થયું છે. દાયકાઓના અંતે આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા પાર્કિંગ અને રોડ નેટવર્ક માટે નવતર પ્લાનીગ હાથ ધર્યો છે. જે અન્વયે જુના સચિવાલયના આંતરિક રસ્તાઓ વધુ ૩ થી ૪ મીટર પહોળા કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત વાહનો સુવ્યવસ્થિત પાર્ક થઈ શકે તે માટે સંકુલના નવા ઈકોફ્રેન્ડલી પાર્કિંગ પ્લેસ બનાવવા પૂર્વ તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. સુત્રોના જણાવ્યમુજબ આ સમગ્ર યોજના અન્વયે ડીઝાઈન, નકશા અને અંદાજો તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે આખરી થયા બાદ કામગીરી હાથ ધરાશે. આગામી દિવસોમાં સચિવાલય સંકુલમાં ટ્રાફિકની અવર-જવર પણ વન-વે સિસ્ટમ મુજબ ગોઠવી દેવાશે.

## મોદીના શપથગ્રહણ સમયે ભાજપ ગુજરાતમાં આતશબાજી કરી ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં તમામ શહેરો આવતીકાલે રોશનીથી ઝળહળતા કરીને નરેન્દ્ર મોદી શપથ લે તેની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવશે.

નરેન્દ્ર મોદી આવતીકાલે સાંજે ૬ વાગે દિલ્હીમાં વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કરશે. આ સમયે ગુજરાતના તમામ શહેરો મહાપાલિકા વિસ્તારમાં નગરપાલિકા વિસ્તાર, જિલ્લા તાલુકા મથકોએ આતશબાજી કરીને ભવ્ય રીતે ઉજવવા માટેનો કાર્યક્રમ ભાજપ દ્વારા આપવામાં આવ્યો છે.

નરેન્દ્ર મોદી આવતીકાલે સાંજે ૬ કલાકે વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કરે તે સમયે જ ગુજરાતમાં તમામ શહેરોમાં ભાજપ કાર્યકરો દ્વારા રોશની કરવામાં આવશે તેમજ ઘરે ઘરે દીવડા પ્રગટાવવામાં આવશે અને આતશબાજી કરીને નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે શપથ લે તેને હર્ષોલ્લાસથી ઉજવવામાં આવશે. આ ઉપરાંત લોકોને મીઠાઈ ખવડાવીને મોં મીઠુ કરાવવામાં આવશે.

આવતીકાલે નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે શપથગ્રહણ કરનાર છે ત્યારે તેનો હર્ષોલ્લાસ સાથે ઉજવવા માટે ગુજરાતના ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો છે.




સર્કલની રોનક - ગાંધીનગરમાં આવેલ દરેક સર્કલને સામાજીક, શૈક્ષણિક, સ્વૈચ્છિક અને સરકારી વિભાગો દ્વારા વિકાસાવવામાં આવી રહ્યાં છે... ગાંધીનગરની રોનકમાં આ સર્કલ વધારો કરી રહ્યા છે... ક્યાંક ક્યાંક નિભાવણીમાં આળસ વર્તાય છે... પરંતુ મોટાભાગના સર્કલની નિભાવણી કાયમી થતી જોવા મળી રહી છે... છ-૪એ 'પંચામૃત સર્કલ'ની નિભાવણી ગુજરાત પોલીસ હસ્તક છે... તેને નિભાવણી કાયમી થતી રહે છે... અને ફુવારા ચાલુ કરતા અદભૂત દશ્ય જોવા મળી રહ્યું છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્યના અનેક ભાગોમાં હવામાનમાં પલટો

**અમદાવાદ શહેરના અનેક વિસ્તારમાં વરસાદી ઝાપટા : પારો ૪૩ ડિગ્રી પર પહોંચ્યો છે ત્યારે વરસાદથી આંશિક રાહત : ધંધુકામાં ભારે વરસાદ : ગુજરાતમાં ઝાપટા**

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ સહિત ગુજરાતભરમાં હિટવેવની ચેતવણી જારી કરવામાં આવવ્યા બાદ આજે સાંજે એકાએક તીવ્ર પવન સાથે વરસાદ થયો હતો. વરસાદના કારણે ફરી એકવાર આશ્ચર્યનુ મોજુ ફેલાઈ ગયું હતુ. પ્રિ મોન્સુન એક્ટિવીટીના કારણે અમદાવાદમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા.છેલ્લા ત્રણ દિવસથી ગુજરાતના સમગ્ર વાતાવરણમાં આગ ઓકતી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આવતીકાલે પણ વરસાદી ઝાપટા પડી શકે છે. કારણે શહેરના તમામ ભાગોમાં વરસાદ થયો ન હતો કેટલાક વિસ્તારમાં વરસાદ થયો હતો. બપોરે તીવ્ર ગરમી રહ્યા બાદ સાંજે વરસાદ થતા વાતાવરણમાં પલટો આવ્યો હતો. જોરદાર પવન ફુંકાયો હતો. હાલમાં રાજ્યના કેટલાક ભાગોમાં પારો ૪૩થી પણ ઉપર પહોંચી ગયો છે જેથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અલબત્ત ગઈકાલની સરખામણીમાં આજે અમદાવાદમાં તાપમાનમાં કોઈ સુધારો થયો ન હતો. હવામાન વિભાગે ચેતવણી આપતા કહ્યું છે કે, હિટવેવ ગુજરાત રાજ્યના જુદા જુદા ભાગોમાં જારી રહે તેવી શક્યતા છે. આગામી ૩૬ કલાક દરમિયાન હિટવેવનું મોજુ રહે તેવી શક્યતા છે. અમદાવાદમાંપારો હાલમાં ૪૨ અને ૪૩ ડિગ્રી વચ્ચે થયેલો છે. ગઈકાલે પારો ૪૩ પર પહોંચી ગયો હતો. ગરમીના

(અનુસંધાન આગળના પાને)

કારણે જનજીવન પર માઠી અસર થઈ છે. બપોરના ગાળામાં લોકો દેખાતા નથી. લૂ લાગવાના બનાવમાં પણ ચિંતાજનક રીતે વધારો થયો છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોના કેસોમાં વધારો થયો છે. તંત્ર દ્વારા પ્રદૂષિત પાણીને લઈને પગલા લેવાઈ રહ્યા છે છતાં સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી.અમદાવાદના કેટલાક ભાગો ઉપરાંત ધંધુકામાં પણ ભારે વરસાદ થયો હતો. શહેરના વિજય ચાર રસ્તા વિસ્તારમાં વરસાદ થયો હતો. જો કે કેટલાક વિસ્તારમાં વરસાદ થયો ન હતો.

# રાજ્યમાં ૧૭ જૂનથી ચોમાસુ આરંભાશે

અમદાવાદ, તા. ૨૫

હાલ ગરમીનો પારો લોકો માટે પારાવાર મુશ્કેલી સર્જી રહ્યો છે અને આવનારા થોડા દિવસો પણ ભારે ગરમી પડવાનો અંદાજ સેવાઈ રહ્યો છે. જોકે, જ્યોતિષની દ્રષ્ટીએ સારા સમાચાર એ છે કે, આ વર્ષે ચોમાસુ જુનના પ્રથમ સપ્તાહમાં શરૂ થઈ જશે અને પાંચ મહિના સુધી હેલી વરસશે. ચોમાસું ખેડુતો માટે ફાયદાકારક રહેશે. ઉલ્લેખનીય છે કે હાલ શહેરીજનો આકરા તાપને કારણે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને ગરમીની રાહત મળે અને વરસાદ ક્યારે ભીંજવે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

હવામાન ખાતાની અનિચ્ચિત આગાહી પરથી લોકોનો વિશ્વાસ ધીરે ધીરે ઊઠી રહ્યો છે ત્યારે ગ્રહ નક્ષત્રનો વરતારો ચોમાસા અંગે શું સૂચવે છે એ જોવું રસપ્રદ રહે છે. જ્યોતિષશાસ્ત્રના આચાર્યો માને છે કે આ વર્ષે શહેર સહીત રાજ્યભરમાં સરેરાશ વરસાદ રહેવાનું અનુમાન છે. મેઘરાજ અમુક રાજ્યોને છોડીને મોટેભાગે દેશભરમાં મહેરબાન રહેશે. ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ ૧૬ જુન બાદ એટલે કે તેના નિયત સમયે જ શરૂ થવાનો અંદાજ છે. જોકે અમી છાંટણાં ૨૬ જુન બાદ એટલે કે તેના નિયત સમયે જ શરૂ થવાનો અંદાજ છે. જોકે અમી છાંટણા ૬ જુનના રોજ શરૂ થઈ જશે. ૨૬ જુન બાદ ચોમાસું સોળે કલાએ ખીલી ઉઠે તેવી સંભાવના છે.

એચ ડી એફ સી બેંક
બીઝનેસ લોન ખાસ આપના માટે...
40 લાખ સુધીની
બિઝનેસમેન અને ડૉક્ટર્સ માટે
સરળ ડોક્યુમેન્ટ • નહિ ગેરંટર • નહિ સીક્યુરીટી
9328412613